ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૨/૨૩–૨૪/ 80 તારીખ : 01 FEB 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૨/૨૩–૨૪

પ્રતિ,
**મે.ટ્રેડ પ્રાઈડ ફુડસ,**
મું.નાના જાદરા,
તા.મહુવા,
જી.ભાવનગર.

મો.નં– ૭૩૫૯૨૫૩૨૫૩

**વિષય : એલ.ટી.એમ.ડી કનેકશનના ફોલ્ટી મીટર બીલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો ઈ–મેલ તા.૨૯/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૩/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૩–૨૪/૧૩૩૩ તા.૧૪/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૩–૨૪/૧૫૨૬ તા.૦૨/૧૨/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૩–૨૪/૧૬૩૧ તા.૨૯/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૧/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧,મહુવા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૪૨/૨૩–૨૪</u> ☜

**વાદી** :– **મે.ટ્રેડ પ્રાઈડ ફુડસ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજૂઆતની તારીખઃ– તા.૧૧/૦૧/૨૦૨૪</u> ◈

હાજર રહયા :- **શ્રી ભરતભાઈ રાજયગુરૂ - માલીક**
પ્રતિવાદી :– **શ્રી એચ.પી.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે. ટ્રેડ પ્રાઈડ ફુડસ, મું.નાના જાદરા, તા.મહુવા, જી.ભાવનગરની એલ.ટી.એમ.ડી કનેકશનના ફોલ્ટી મીટર બીલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૨/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૩–૨૪/૧૩૩૩ તા.૧૪/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૨/૧૨/૨૦૨૩</u>** તેમજ **<u>તા.૧૧/૦૧/૨૦૨૪</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી **<u>તા.૧૨/૧૨/૨૦૨૩</u> ની મુદતમાં હાજર રહેલ નહીં** જયારે **<u>તા.૧૧/૦૧/૨૦૨૪</u>** મે.ટ્રેડ પ્રાઈડ ફુડસ વતી તેમના માલીક શ્રી ભરતભાઈ રાજયગુરૂ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી તા.૨૭/૦૫/૨૦૨૩ ના રોજ મીટર રીડીગ ચેક કરવા ગયેલ ત્યારે અમોને જાણ થયેલ કે અમારૂં વીજ મીટર બળી ગયેલ છે.

૧.૨ સદર બળેલ મીટરની અરજી અમોએ તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ કરેલ તેની અરજી અને રસીદ બીડાણ સાથે કરેલ છે. રસીદ નં– QN-573431 રૂ.૩૫૪/– ભરેલ છે. ત્યારપછી સદર મીટર તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ બદલેલ છે.

૧.૩ સદર સમયગાળા દરમ્યાન અમોએ રૂબરૂ તેમજ ટેલીફોનીક જાણ કરેલ હતી છતાં આપની તરફથી કોઈ પણ વળતો જવાબ મળેલ નહી અને અમોને સીધું તા.૧૭/૦૫/૨૦૨૩ પછી તા.૧૬/૦૮/૨૦૨૩ ના

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

રોજ મળેલ છે. આ બંને વચ્ચેનું બીલ અમોને એવરેજ આપેલ છે. જે અમારી ફેકટરીનું કામ બંધ હોવા છતાં અમોને એવરેજ બીલ આપેલ છે.

૧.૪ સદર એવરેજ બીલ આપેલ છે જે અમોને બીલમાં જમા આપવા વીનંતી છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહકનું નામ– શ્રી મે. ટેસ્ટ પ્રાઈડ ફુડસ

૨.૨ ગ્રાહક નંબર– ૩૭૦૬૭૦૫૭૧૪૦

૨.૩ કેટેગરી – LTMD, 99 KW

૨.૪ રીલીઝ તારીખ – ૦૨/૦૩/૨૦૨૨

૨.૫ વાદી શ્રી મે. ટેસ્ટ પ્રાઈડ ફુડસ દ્વારા જણાવેલ છે કે, તેઓ દ્વારા તા.૨૭/૦૫/૨૦૨૩ ના રોજ મીટર રીડીંગ માટે ચેક કરવા ગયેલ ત્યારે તેઓને જાણ થયેલ કે મીટર બળી ગયેલ છે.

૨.૬ વાદી દ્વારા સદર બળી ગયેલ મીટર બદલવા મહુવા રૂરલ – ૧ પેટા વિભાગીય કચેરીમાં તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ અરજી કરેલ છે અને તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ રૂ.૩૫૪/– રસીદ નં–QN-573431 ભરેલ છે.

૨.૭ મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીની સદર અરજીના અનુસંધાને તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ પ્રફોર્મા–૧૫ તેમજ ચેકીંગશીટ ભરીને મીટર બદલાવેલ (મીટર નં–PG-152958) જુનું મીટર ઉતારેલ ત્યારે તે મીટરના રીડીંગ અવાચ્ય આવેલ છે અને નવું મીટર (મીટર નં–PG-187417) લગાડેલ (રીડીંગ ૧૦૦ ) પ્રફોર્મા–૧૫ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૮ પ્રફોર્મા–૧૫ મુજબ સદર મીટર (મીટર નં–PG-152958) મહુવા લેબમાં પરીક્ષણ કરવા માટે વાદીને તા.૨૦/૦૭/૨૦૨૩, તા.૨૭/૦૭/૨૦૨૩, અને તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ, સદર કનેકશન 99 KW નું હોવાથી અને બીલીંગ ચાલુ કરવાનું હોવાથી વાદીને લેબમાં હાજર રહેવા માટે આપેલ તારીખ પહેલા સદર મીટર (મીટર નં–PG-152958) તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ વાદીની હાજરીમાં મહુવા લેબમાં તપાસણી કરેલ અને સદર મીટરની લેબમાં પરીક્ષણ કરતા, સદર મીટર બળી ગયેલ અને ફોલ્ટી આવેલ છે. અને સદર મીટરના એમ.આર. આઈ ટેસ્ટ લીધેલ. પરંતુ, એમ.આર.આઈ આવેલ નથી. લેબ રીપોર્ટની કોપી આ સાથે સામેલ છે.

૨.૯ મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરીના મીટર રીડર તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ મીટર રીડીંગ કરવા ગયેલ ત્યારે તેઓને મીટર ફોલ્ટી જણાતા F નું એવરેજ (૧૫૫૨૦ યુનીટરનું) બીલ ઈસ્યુ કરેલ.

૨.૧૦ ત્યારબાદ ફરી મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરીના મીટર રીડર તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ મીટર રીડીંગ કરવા ગયેલ ત્યારે નવું મીટર લાગેલ હતું. જેથી મીટર રીડર દ્વારા તેઓને ફરીથી અગાઉની એવરેજ (૧૫૫૨૦ યુનીટ) મુજબનું બીલ આપેલ છે.

૨.૧૧ સદર બંને બીલ સપ્લાય કોડ – ૨૦૧૫ ના પોઈન્ટ નં–૬.૫૮ મુજબ બીલ આપેલ છે અને જે વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. ટ્રેડ પ્રાઈડ ફુડસ, ગ્રાહક નં–૩૭૦૬૭/૦૫૭૧૪/૦ થી ૯૯ કીવો નું LTMD કનેકશન નાના જાદરા ગામ ખાતે ધરાવે છે. જેમાં, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા મીટર બદલ્યા બાદ તા.૨૧/૦૬/૨૦૨૩ અને તા.૧૮/૦૭/૨૦૨૩ ના આપવામાં આવેલ ફોલ્ટી મીટરના એવરેજ બીલ સામે વાંધો હોઈ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી પ્રથમ તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, વાદી હાજર ન રહેતા આજરોજ તા.૧૧/૦૧/૨૦૨૪ ના રોજ ફરી સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં બંને પક્ષકારોએ હાજર રહી પોતાની રજૂઆતો કરી ડોકયુમેન્ટસ રજૂ કર્યા છે.

૩.૩ પ્રસ્તુત કેસની વીગત મુજબ વાદીનું મીટર બળી જતા તા.૨૭/૦૫/૨૦૨૩ એ અરજી કરીને તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ જરૂરી ફી પ્રતિવાદીની કચેરીએ ભરી આપેલ છે. ત્યારબાદ, પ્રતિવાદીએ તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ મીટર બદલી આપેલ છે. મીટર તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ વાદીની હાજરીમાં ખોલવામાં આવતા ફોલ્ટી માલૂમ પડેલ. પ્રતિવાદી દ્વારા એમ.આર.આઈ ટેસ્ટ લેતા રીપોર્ટ આવી શકેલ નહી જયારે કે તે મીટર કંપનીમાં મોકલતા મીટર બળી ગયેલ હોય, ડેટા રીટ્રીવ થઈ શકે તેમ ન હોવાનો રીપોર્ટ આવેલ છે.

૩.૪ ઉપરોક્ત સંજોગોમાં પ્રતિવાદીના કર્મચારી દ્વારા વાદીને તા.૨૧/૦૬/૨૦૨૩ અને તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ બંને બીલો ફોલ્ટી સ્ટેટસના એવરેજ ૧૫૫૨૦ યુનીટના આપવામાં આવેલ છે.

૩.૫ ઉપરોક્ત વીગતો પરથી ફોરમને જણાય છે કે, પ્રતિવાદીએ ગ્રાહકની મીટર બદલવા અંગેનો ચાર્જ પણ તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ ભરી આપેલ છતાં બળેલ મીટર તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ બદલેલ છે. એટલે કે, GERC નોટીફીકેશન નં– ૧૦/૨૦૧૫ ના કલોઝ નં–૮.૧ (a) મુજબની કાર્યવાહી સમયમર્યાદામાં કરેલ નથી. GERC કલોઝ નં–૮.૧ (a) મુજબ,

"The licensee shall inspect, check or test the meter within 7 working days & receiving a complaint in urban area and within 15 working days of receiving complaint in rural area".

આમ, GERC ની સૂચવેલ માર્ગદર્શીકા મુજબ પ્રતિવાદીએ મીટર બદલવાની કાર્યવાહી સમયમર્યાદામાં કરેલ નથી.

૩.૬ ફોરમ દ્વારા વાદીના જુની બીલીંગ હીસ્ટ્રીની એવરેજ તેમજ નવા મીટર બદલ્યા પછીની એવરેજ ને પણ ધ્યાને લેવામાં આવેલ છે. અને વાદીને આપવામાં આવેલ ૨ ફોલ્ટી મીટરના એવરેજ બીલ ની સામે વાદીની સદરહુ સમયમાં ફેકટરી બંધ હોવાની રજૂઆતમાં તથ્ય જણાય છે.

૩.૭ ઉપરોક્ત સંજોગોમાં આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ ૨ ફોલ્ટી મીટરના (૧૫૫૨૦ યુનીટના) બીલો રદ કરવા અને GERC નોટીફીકેશન નં– ૦૪/૨૦૧૫ ના કલોઝ નં–૬.૫૮ ને ધ્યાને લઈ વાદીને મીટર બદલ્યા પછીના ૩ બીલીંગ ઓકટો–૨૩, નવે–૨૩, ડિસે–૨૩ ના યુનીટની એવરેજ ને ધ્યાને લઈને રીવાઈઝડ બીલો આપવા વાદીએ અગાઉ બીલો વાંધા સાથે ભરપાઈ કરી આપેલ હોઈ, તફાવતની રકમ વાદીના ખાતામાં જમા આપવી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## –:: હુકમ ::

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતિ જે.એમ મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટ્રેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૧/૦૧/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar